દાખલ તારીખ :– ૨૨/૦૨/૨૦૧૯
રજુ તારીખ :– ૨૨/૦૨/૨૦૧૯
ફેસલ તારીખ :– ૦૧/૦૮/૨૦૨૬
સમય :–દિવસ મહીનો વર્ષ
૧૦ ૦૫ ૦૭

---

**પારડીના મહે.બીજા અધિક જયુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ**
**તા.પારડી, જી.વલસાડ**

---

ફો. કેસ નં. **૫૩૨/૨૦૧૯**

આંક :–

<u>ફરીયાદી</u> :– શ્રી સરકાર

વિરુધ્ધ

<u>આરોપી</u> :– (૧) રવિન્દ્ર યુવરાજ ગવાને

રહે. વનગંગા સોસાયટી, રૂમ નં. ૭૦, વેજલપોર, નવસારી,

(૨) અસ્મા સરફરાજ ઉસ્માન શેખ

રહે. અલીફ નગર, તીઘરા નાળ પાસે, જી. નવસારી

[આંક–૧ તળે સદર આરોપી નં. ૨ વિરૂધ્ધ સી.આર.પી.સી ની કલમ ૨૯૯ મુજબનો હુકમ થયેલ છે]

---

ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫ એઈ, ૯૮(૨), ૮૧ મુજબ.

---

સરકાર તર્ફે : વિ.એ.પી.પી. શ્રી આર.સી.પટેલ

આરોપી તર્ફે : વિ.વકીલ શ્રી એમ. ટી. ભટ્ટ ...

---

## -: ચુકાદો :-

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, ધી પ્રોહી એકટ ૨૦૧૬ સુધારાની કલમ ૬૫ E, ૯૮ (૨),૮૧,મુજબ તે એવી રીતે કે કોલમ નંબર-૧૧.માં જણાવેલ તહોમતદાર (૧) (૨) મચકુરોએ એકબીજાની મદદગારીથી તા.૨૮/૦૧/૨૦૧૮ કલાકઃ૧૮/૦૦ વાગ્યે મો.જે. પારડી, ચંદ્રપુર,વાપીથી વલસાડ તરફ જવાનાં ને.હા.નંબરઃ૮ રોડ ઉપર રેલ્વે સ્ટેશન રોડ ઉપર પોતાના હવાલાવાળી કાળા કલરની મીત્સુબીસી કાર નંબરઃMH-1-Y-2322 નીમાં ત્રણ કાપડનાં થેલાઓમાં પરપ્રાંત બનાવટની જુદા જુદા બ્રાન્ડની વ્હીસ્કીની બાટલીઓ કુલ્લે નંગ-૧૯૬ કીંમત રૂ.૧૩,૨૦૦/- તેમજ કારની કીંમત રૂ.૧,૫૦,૦૦૦/-મળી કુલ્લે મુદામાલની કુલ્લે કીંમત રૂ.૧,૬૩,૨૦૦/-નો વગર પાસ પરમીટે રાખી દારૂની હેરાફેરી કરી લઈ આવતાં પકડાઇ જઇ ગુન્હો કર્યા બાબત.

(૨) ત્યારબાદ સદર કેસ અત્રેની અદાલત પાસે તબદીલ થઈ આવતા હાલના કામના આરોપીઓ સામે કેસની સુનાવણી માટે પ્રાસેસ કાઢવામાં આવેલ છે અને તે પ્રોસસની બજવણી થતા આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. ત્યારબાદ સદર કામે આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો આપેલ છે, જેની ખાતરી આરોપીએ પોતાના આંક- ૪ ના નિવેદનમાં આપેલ છે. સદર કામે આં ક-૦૩ થી આરોપીઓ સામે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. આરોપીએ તેના આં ક-૦૬ તથા આંક-૦૭ ના નિવેદનમાં પોતાની સામેના ગુનાનો ઈનકાર કરતા સદર કેસ સબંધે તેઓની સામેની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષને પોતાના કેસના સમર્થનમાં પુરાવો રજુ કરવાનો આદેશ આપવામાં આવેલ છે.

(૩) હાલના કામે તપાસ સંસ્થા દ્વારા કુલ-૦૨ આરોપીઓ વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. જે કેસ ટ્રાયલના તબક્કે આવતા આરોપી નં. ૨ અત્રેની

કોર્ટમાં હાજર નહિ રહેતાં આંક-૦૧ તળે હુકમ કરીને આરોપીની ગેરહાજરીમાં સદર કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે તથા સદરહું કેસની ઇન્સાફી કાર્યવાહી પુર્ણ કરવામાં આવે છે.

(૪) ફરીયાદપક્ષ તરફ થી પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ દિનેશભાઈ મણીલાલ પટેલની જુબાની | ૦૫ |
| ૨ | પંચનામું | ૦૬ |
| ૩ | પંચ રમેશ ગંગારામ પટેલ ની જુબાની | ૦૭ |

(૫) ત્યારબાદ હાલના કામે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષે પુરાવો પુરો થયાનુ જાહેર કરતાં હાલના કામે ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ હાલના કામે ફરીયાદ પક્ષ તર્ફે આરોપીઓ વિરૂધ્ધ રજુ પુરાવો દયાને લેતા ક્રિ. પ્રો.કોડની કલમ ૩૧૩ હેઠળ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય જેથી વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૭) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી આર.સી.પટેલની દલીલો સાંભળી. જેમાં ફરીયાદ પક્ષે આરોપીઓને મહતમ સજા ફરમાવવા માટેની દલીલો રજુ કરેલ છે. જયારે બચાવ પક્ષે વિ.વ.શ્રી એમ. ટી. ભટ્ટ નાઓની દલીલો સાંભળી. તેઓએ મુખ્યત્વે એવી દલીલો કરેલી છે કે, ફરીયાદ પક્ષના કહેવાતા મુખ્ય સાહેદોએ ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કારક પુરાવો આપેલ નથી. જેથી તેવા સંજોગોમાં આરોપીઓ સામે નિ:શંક પણે કેસ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ

નિષ્ફળ નીવડેલ હોય,જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટેની દલીલો કરેલ છે.

(૮) ઉપરોકત હકીકતોને દયાને લેતા કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુ દ્દા ઓ ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ધી પ્રોહી એકટ ૨૦૧૬ સુધારાની કલમ ૬૫ E, ૯૮ (૨),૮૧,મુજબ તે એવી રીતે કે કોલમ નંબર-૧૧.માં જણાવેલ તહોમતદાર (૧) (૨) મચકુરોએ એકબીજાની મદદગારીથી તા.૨૮/૦૧/૨૦૧૮ કલાકઃ૧૮/૦૦ વાગ્યે મો.જે. પારડી, ચંદ્રપુર,વાપીથી વલસાડ તરફ જવાનાં ને.હા.નંબરઃ૮ રોડ ઉપર રેલ્વે સ્ટેશન રોડ ઉપર પોતાના હવાલાવાળી કાળા કલરની મીત્સુબીસી કાર નંબરઃMH-1-Y-2322 નીમાં ત્રણ કાપડનાં થેલાઓમાં પરપ્રાંત બનાવટની જુદા જુદા બ્રાન્ડની વ્હીસ્કીની બાટલીઓ કુલ્લે નંગ-૧૯૬ કીંમત રૂ.૧૩,૨૦૦/- તેમજ કારની કીંમત રૂ.૧,૫૦,૦૦૦/-મળી કુલ્લે મુદામાલની કુલ્લે કીંમત રૂ.૧,૬૩,૨૦૦/-નો વગર પાસ પરમીટે રાખી દારૂની હેરાફેરી કરી લઇ આવતાં પકડાઇ જઇ ગુન્હો કર્યા બાબત. શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદદા નં. ૧.નકારમાં.

મુદદા નં. ૨.આખરી હુકમ મુજબ

**:: કા ર ણો ::**

**<u>મુદ્દા નં.૧</u>**

(૧૦) હાલના કામે આરોપીઓ સામે આક્ષેપિત ગુનાના તત્વો અનુસંધાને રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો,આંક- ૦૫ તથા આંક- ૦૭ થી રજુ પં

ચ સાહેદની જુબાની ખુબજ મહત્વ ધરાવે છે અને હાલના કેસની હકીકતો અંગેના સ્વતંત્ર સાહેદ છે, પરંતુ હાલના કામે તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો, તેઓ હાલના કામે આંક– ૦૬ થી રજુ પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સહી સીવાય પંચનામામાં રહેલ કોઈ હકીકતોને સમર્થન આપતી જુબાની તેઓએ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ નથી.

**(૧૧)**ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૦૧ વંચાણે લેતાં ફરીયાદ પક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે છે, પરંતુ હાલના કામે તમામ હકીકતો, સંજોગો તથા રેકર્ડ દયાને લેતાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોવાનુ તથા ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સના સિદધાંત મુજબ આરોપીને મળવા પાત્ર શંકાનો લાભ મેળવવા આરોપી હકદાર થતા હોવાનુ અત્રેની અદાલતનુ નમ્ર પણે માનવુ છે.

**(૧૨)** હાલના કામે કેસની હકીકત જોવામાં આવે તો, ફરીયાદ પક્ષે પોતાનો કેસ યોગ્ય રીતે સાબિત કરવા માટે ગુનાવાળી જગ્યાની આજુબાજુમાંથી ઘણા સ્વતંત્ર વ્યકિતઓને સાહેદ તરીકે તપાસના કામે તપાસી શકયા હોત અને તેમ કરવાથી તેઓ પોતાનો કેસ વધુ સારી રીતે સાબિત કરી શકયા હોત. પરંતુ હાલના કામે તેવુ કાંઈ કરવામાં આવેલ નથી જે શંકાને સ્થાન આપે છે. આમ સદર કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરીયાદ પક્ષના કેસમાં ઘણી ક્ષતિઓ અને વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે. આમ તમામ હકીકતો દયાને રાખતા આરોપીઓ વિરુદધનો કેસ નિ:શંક પણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ છે. જેથી તેનો લાભ આરોપીઓને મળવા પાત્ર હોય, ઉપરોકત મુદદા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદદા નં.ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**(૧૩)** આમ, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતને લક્ષમાં રાખી હાલનો કેસ ઘ્યાને લેતાં જયારે ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચસાહેદથી સમર્થન મળતું

નથી. હાલના કામે તપાસ સંસ્થા દ્વારા કુલ–૦૨ આરોપીઓ વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. જે કેસ ચાલી જતા અને કેસ ચુકાદાના તબક્કે આવતા આરોપી નં.૦૨ અત્રેની કોર્ટમાં નિયમિત હાજર નહિ રહેતા અને આરોપી નં.૧ અત્રેની કોર્ટ સમક્ષ નિયમિત હાજર રહેતાં આંક–૦૧ તળે હુકમ કરીને આરોપી નં.૦૨ ની ગેરહાજરીમાં સદર કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હતો. હાલના કામે આરોપીઓ વિરૂધ્ધનું તહોમત પુરવાર થતું ન હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૩ (૬) તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના પરીપત્ર નં.સી.૨૬૧૮/૧૬ ને ધ્યાને લઇને, આરોપી નં.૨ ની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

**(૧)** આરોપીઓ (૧) રવિન્દ્ર યુવરાજ ગવાને (૨) અસ્મા સરફરાજ ઉસ્માન શેખ નાઓને ક્રિ.પો.કો.કલમ–૨૪૮(૧)અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એઈ,૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** હાલનો ચુકાદો,ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૫૩(૬) મુજબ આરોપીઓની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે. (શરદ જેઠાલાલ સાવલા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ફોજદારી પરચુરણ અરજી નંબર ૯૮૬૨/૨૦૧૫, નિર્ણીત તા.૧૪/૧૧/૨૦૧૬ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.૧૬૧૮/૨૦૧૬,તા. ૦૫/૦૭/૨૦૧૬.)

**(૩)** આરોપીઓએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭ એ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

**(૪)** મુદ્દામાલ પાવતીમાં જણાવેલ તમામ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૦૧ , માહે ઓગસ્ટ , સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

2 **Addl. JMFC Court, pardi**

**તારીખ : ૦૧/૦૮ /૨૦૨૬** **(પાર્વતી દેવરામભાઈ મોકરીયા)**

**સ્થળ : પારડી** બીજા અધિક જ્યુડી. મેજી.ફર્સ્ટ ક્લાસ

તા. પારડી, જી. વલસાડ

**CODE NO.GJ 01743**